GJAN080016912025

**ફોજદારી કેસ નં. ૧૨૨૪/૨૦૨૫ ના કામે આંક-૦૧ લગતનો હુકમ:-**

(૧) આજરોજ અત્રેની કોર્ટમાં આ કામ આગળની ન્યાયીક કાર્યવાહી માટે હાથ પર લેવામાં આવેલ છે. આજ રોજ ફરીયાદીના વિ.વકીલશ્રી કોર્ટ કાર્યવાહી સમાપ્ત થતા સુધી હાજર રહેલા નથી.

(૨) હાલના કેસનું રેકર્ડ અને પ્રોસીડીંગ ધ્યાને લેતા હાલનો કેસ વટાવખત અધિનીયમ ની કલમ-૧૩૮ અંતર્ગત સને ૨૦૨૫ ની સાલમાં દાખલ કરવામાં આવેલ સમંસ ટ્રાયેબલ ખાનગી ફરીયાદનો કેસ છે. જે કેસનું રેકર્ડ ધ્યાને લેતા, આ કામ લાંબા સમયથી આરોપી પર વોરંટ બજવા/નવુ સરનામુ રજુ થવા પર પેન્ડીંગ છે. વધુમાં, આ કેસ નીયમીત રીતે કોમ્પ્યુટરાઈઝડ બોર્ડમાં અપડેટ થયેલ છે, જેથી ફરીયાદ પક્ષને કેસની મુદત તારીખ જાણવાની પુરતી તક છે. તેમજ રેકર્ડ ધ્યાને લેતાં અગાઉ આરોપીને ઘણી વખત સમન્સ પણ કાઢેલ છે જે એક યા બીજા કારણસર વગર બજે પરત આવેલ છે, પરંતુ ત્યારબાદ આજદીન સુધી ફરીયાદી તરફે કોઈ જાતે કે તેઓનાં વિ.વ.શ્રી મારફત હાજર રહેલ નથી કે તેઓ તરફે કોઈ મૌખીક કે લેખીત રજુઆત પણ નથી. અને ત્યારબાદ પણ આજદીન સુધી ફરીયાદ પક્ષને પુરતી તક મળેલ હોવા છતા તેઓ તરફથી આરોપીનું નવુ સરનામું રજુ કરવામાં આવતુ નથી કે આરોપી પર પ્રોસેસની બજવણી થાય તે માટે કોઈ જરૂરી અરજી આપવામાં આવતી નથી કે તે માટે જરૂરી પગલા લેવામાં આવતા નથી તેમજ ફરીયાદી છેલ્લા ઘણા લાંબા સમયથી જાતે કે તેઓનાં વિ.વ.શ્રી મારફત અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેલ નથી કે સદર કેસ આગળ ચલાવવા સંદર્ભેની કોઈ કાર્યવાહી કરેલ નથી. જેથી હાલનો કેસ લાંબા સમયથી ડેડવુડ કેસની જેમ લાંબા સમયથી અત્રેની કોર્ટમાં પેન્ડીંગ પડી રહેલ છે. વધુમાં ફરીયાદી તર્ફે લઈ જવામાં આવેલ કોઈ હાથબીડાનું સ્ટેટસ પણ આજદીન સુધી રજુ કરેલ નથી. અને અત્રેની કોર્ટમાંથી તા.૧૮/૧૨/૨૦૨૫ બાદ હાથબીડો પણ લઈ ગયેલા નથી.

(૩) જે સંજોગો ધ્યાને લેતા ફરીયાદી કેસ આગળ ચલાવવા પુરતો રસ લેતા ન હોવાનું રેકર્ડ પરથી જણાઈ આવે છે. જે તમામ વિગત ધ્યાને લેતા તથા જુના અને ડેડવુડ કેસોના નિકાલ અંગે નામદાર ઉચ્ચ અદાલતો અને સર્વોચ્ચ અદાલત દ્વારા વખતો વખત આપવામાં આવેલ માર્ગદર્શક સુચનાઓ ધ્યાને લેતા, આ પ્રકારના કેસ કે જેમા આગળની કાર્યવાહી કરવા માટે ફરીયાદ પક્ષને કોઈ રસથી અને કેસ ડેડવુડ કેસની જેમ અત્રેની કોર્ટની ફાઈલમાં છેલ્લા ઘણા સમયથી પેન્ડીંગ પડી રહેલ છે, તે કેસમાં વધુ મુદત માટે મુલત્વી કરવાનું કોઈ ઉચીત કારણ જણાતુ નથી. જેથી આવા સંજોગોમાં (અ) નામદાર સર્વોચ્ચ અદાલત દ્રારા પી. રામચન્દ્ર રાવ વિ. સ્ટેટ ઓફ કર્નાટકા ૨૦૦૨(૨)જી.એલ.આર ૧૫૪૯ ના ચુકાદા, (બ) એસ.રામ કિષ્ન વિરૂધ્ધ એસ.રામી ૨૦૦૮ ક્રિમી.લો.જર્નલ ૨૬૨૫ નો ચુકાદો, (ક) ભવાની ટેક્ષટાઈલ્સ મિસ્સ વિ.સ્ટેટ ઓફ ગુજરાત ક્રિમીનલ અપીલ નંબર ૨૪૦૫/૨૦૦૯ નો ચુકાદો, (ડ) મુળચંદ મોતીલાલ રાકા વિ.સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર કાઈમ્સ ૧૭૭ ના ચુકાદાઓમાં સ્પીડી ટ્રાયલ અંગે તથા તે માટે સી.આર.પી.સી કલમ-૨૫૬, ૨૫૮, ૩૦૯ ની જોગવાઈ અંગે પ્રતિપાદીત કરેલ સિધ્ધાંતોને ધ્યાને લેતા તથા સી.આર.પી.સી કલમ-૨૫૬ ની જોગવાઈ તથા હાલના કેસનુ રેકર્ડ અને પ્રોસીડીંગ ધ્યાને લઈ ફરીયાદ પક્ષ તરફથી કેસ આગળ ચલાવવા કરવી પડતી જરૂરી કાર્યવાહીના અભાવે વોન્ટ ઓફ પ્રોસીકયુશનના કારણે હાલની ફરીયાદ ડીસમીસ ફોરડીફોલ્ટ થી ફેસલ કરવામાં આવે છે. તથા આ કામના આરોપીને નિર્દોષ છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા. ૦૫/૦૮/૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

ઉમરેઠ
તા. ૦૫/૦૮/૨૦૨૬

**( પાર્થ પ્રવીણચંદ્ર ચૌહાણ )**
એડિશ્નલ જયુડિશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
ઉમરેઠ .
**(JUDGE CODE GJ-01692)**

D.M.Talpada-steno.